**<u>બાયડના મહે. અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.</u>**

**<u>મુ.બાયડ.</u>**

ફો.કેસ નં. ૧૬૮૭/૨૦૨૫

આંક – ૦૧ લગત હુકમ

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : (૧) વિક્રમસિંહ લાલસિંહ ઝાલા વિ.

**ગુન્હો : જુગાર ધારાની કલમ – ૧૨ મુજબ**

**//ચુકાદો//**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વિરુધ્ધ જુગાર ધારાની કલમ – ૧૨ મુજબના ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતાં તેઓએ પોતાના નિવેદનમાં ગુનાની કબુલાત કરલ છે, જેથી તેઓની કબુલાત લીધી. આ કામમાં આરોપીએ અલગથી ગુના કબુલાતની પુરસીસ આપેલ છે. તેમજ નો કલેઈમ પુરસીસ પણ આપેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓ ગરીબ અને બાળબચ્ચાવાળા વ્યક્તિ છે. તેઓનો પ્રથમ ગુનો છે તથા તેમના કુટુંબના ભરણ–પોષણની જવાબદારી તેમના ઉપર છે. જેથી ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આમ આ કામના આરોપીની મૌખિક રજુઆત ધ્યાને લેતાં તેઓને ગુનો કર્યાનો અહેસાસ થતાં કબુલ કરેલ છે. વધુમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં તેઓ કુટુંબની જવાબદારી વાળા વ્યક્તિ છે. જેથી તેઓને જો કાયદાની જોગવાઈ મુજબ ન્યુનત્તમ સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. જેથી તેના પરિવારને આર્થીક અને સામાજીક રીતે નુકશાન જાય તેમ હોઈ સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનો સમાજના હિતમાં વાજબી અને ઉચિત જણાય છે. જેથી આરોપીની

રજુઆત ધ્યાનમાં રાખી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>//હુકમ//</u>

આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ – ૨૭૫ અન્વયે <u>જુગાર ધારાની કલમ – ૧૨</u> મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) એમ કુલ મળી **<u>રૂા.૮૦૦/– (રૂપિયા આઠ સો પુરા)</u>** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા જો દંડ ન ભરે તો દિન – ૦૩ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ પૈકી બિનકિમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે કબ્જે કરેલ રોકડ રકમ તથા મોબાઈલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ સ્પેશિયલ સિટીંગમાં વાંચી, સંભળવી જાહેર કર્યો.**

તા.૧૪/૦૩/૨૦૨૬
બાયડ

(વિજય ચંદુલાલ મકવાણા)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
બાયડ, જજ કોડ – જીજે ૦૦૯૯૭

દંડની રકમ રૂા.૨૦૦ * ૪ = ૮૦૦/– (અંકે રૂપિયા આઠ સો પુરા)
પા.નં. .......... થી જમા લીધા.
તા.૧૪/૦૩/૨૦૨૬ નાઝર